# મોડાસા નજીકથી ૮૦ કિ.ગ્રા ગૌમાંસ ભરેલી જીપ પકડાઈ

### ૩ આરોપીઓની મોડાસા ટાઉન પોલીસ દ્વારા ધરપકડ







મોડાસા તા.૨૬

અરવલ્લી જીલ્લા નુ વડુ મથક મોડાસા શહેર ની બાજુ માં આવેલ ગામ માં થી પશુ તસ્કરીનો મોટો વ્યવસાય ફુલ્યો ફાલ્યો છે ત્યારે એક બાજુ મુસ્લીમો નો પવિત્ર રમઝાન માસ ચાલતો હોઈ અને બીજી તરફ હિન્દુ ધર્મ માં પવિત્ર પુરષોત્તમ માસ ચાલે છે. ત્યારે આવા ધાર્મીક તહેવારો ના સમયે કેટલાક અસામાજીક તત્વો ધ્વારા ગૌ માંસ ની હેરાફેરી કરતાં લોકોની ધાર્મીક લાગણી દુભાઈ છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલલી જીલ્લા ના મોડાસા બાયપાસ માર્ગ પાસે થી જીપ માં ગૌ માંસ નો જથ્થો ભરી ને ત્રણ શખ્સો પસાર થવાના હોવાથી માહિતી મળતાં મોડાસા ના કેટલાક જીવદયા પ્રેમીઓ એ આવીશંકાસ્પદ જીપ ને ડીપ વીસ્તાર નજીક અટઠકાવી હતી જેમાં મોટા પ્રમાણ માં ગૌ માંસ નો જથ્થો મળી આવતા મોડાસા ટાઉન પોલીસ ને જાણ કરવામાં આવી હતી ત્યારે પોલીસે આવી ને સ્થળ પર થી ગૌ માંસ ભરેલી જીપ સહીત હિંમતનગર ના (૧) દિનેશભાઈ શિવાભાઈ ચેનવા (પહાણપુર હિંમતનગર) (૨) મો.સલીમ ભીખુમીયા રાઠોડ (હિંમતનગર) (૩) હેતેશાહ હકીમુદીન શેખ (હિંમતનગર) આ ત્રણેય આરોપીઓ સહીત જીજે.૯. એસી. ૬૮૭૨ નંબર ની જીપ પકડી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી

# માલપુરના ઢુંઢરવાડી ગામના દંપતિએ કૂવામાં ઝંપલાવી જીવતર ટુંકાવ્યું

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ઢુંઢરવાડી ગામે બુધવારે પતિ-પત્નિ વચ્ચે ઘરકામ બાબતે થયેલી સામાન્ય બોલાચાલીમાં આવેશમાં આવી જઈ ઘર આગળના ૧૨૦ ફૂટ ઉંડા કૂવામાં ઝંપલાવી મોતને વ્હાલુ કરતાં અરવલ્લી જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી. માલપુર પોલીસે આ બનાવ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલપુર તાલુકાના ઢુંઢરવાડી ગામના હરેશભાઈ જાલમભાઈ ખાંટ (ઉં.વ. ૨૬) અને તેની પત્નિ રેવાબેન (ઉં.વ.૨૫) બે દિકરી અને એક દિકરા સાથે ગામમાંજ રહેતા હતા. થોડા સમય અગાઉ પતિ-પત્ની વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ બન્ને વચ્ચે નાની નાની બાબતે ઝઘડા રોજિંદા બની જતાં બન્ને વચ્ચે વારંવાર ઘરસંસારમાં થતા ખટરાગથી મનદુઃખ થતાં અબોલા થયા હતા. ત્યારે બુધવારે વહેલી સવારે ઘરકામ બાબતે આ દંપતિ ફરી ઝઘડ્યા હતા. જેથી બન્નેએ આવેશમાં આવી જઈ ઘર પાસે આવેલા ૧૨૦ ફૂટ ઊંડા કૂવામાં પડતું મુક્યુ હતુ.

જે અંગે ગામલોકોને જાણ થતાં દોડધામ મચી ગઈ હતી. ગામલોકોએ આ દંપતિને બચાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ બન્નેના મોત નિપજ્યા હતા. દંપતિના ઘરકંકાસને કારણે થયેલા ઝઘડા બાદ દંપતિએ કૂવામાં પડી મોતને વ્હાલુ કરતાં ચાર વર્ષની અને બે વર્ષની બે દિકરીઓ અને ચાર માસના પુત્રએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. ત્રણેય માસુમ બાળકો નિર્ધાર બનતાં હાજર લોકોની આંખો ભરાઈ આવી હતી. આ ઘટના અંગે ગામના કાળાજી કલાજી ખાંટે માલપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે બન્ને મૃતદેહોનું પી.એમ. કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં નવી શિણોલ ગામની પાણીની ટાંકી જર્જરીત હાલતમાં



મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામે ૩૧ વર્ષ જુની વારિગૃહની ઉંચી ટાંકી જર્જરીત બની ગઈ છે છતાં આ જોખમી ટાંકીને વહીવટી તંત્ર દ્વારા નોન યુઝ કરીને નવી ટાંકી આપવા અને જુની ટાંકીને સલામત રીતે ઉતારવાની કાર્યવાહી કરવા ગામ લોકોની ઉગ્ર માંગ ઉઠી છે.

ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામમાં આવેલ વારીગૃહની પાણીની ટાંકી છેલ્લા કેટલાય સમયથી જર્જરીત થઈ ગઈ છે. ૩૧ વર્ષ પૂર્વે તા. ૨૦-૫-૧૯૮૪ના રોજ આ વોટરવર્કસની વારીગૃહની પાણીનું ટાંકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગામના વારીગૃહની ટાંકી બહુ વર્ષો પહેલા બનાવવામાં આવેલી હોઈ ભયજનક જર્જરીત અવસ્થામાં આવી ગઈ છે. ટાંકીની નીચેનું પ્લાસ્ટર ઉખડી જતાં લોખંડને કાટ લાગ્યો છે. વારીગૃહની ટાંકીની નજીક ગામનો કુવો અને હવાડો હોવાથી ગામના પશુપાલકો પોતાના પશુઓને પાણી પીવા માટે અહીંયા લાવતા હોય છે. તેમજ સામે આવેલી વસાહતના બાળકો પણ ટાંકીની આજુબાજુ રમતા હોય છે.

ગામના મુખ્યમાર્ગની બાજુમાં ટાંકી આવેલી હોઈ વરસાદની સીઝનમાં જર્જરીત ટાંકીની હાલતથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા અને જર્જરીત ટાંકીને સલામત રીતે ઉતારી નવીન ટાંકી બનાવવામાં આવે તેવું ગામ લોકો ઈચ્છી રહ્યા છે. નવી શિણોલ ગામમાં સરકારી અધિકારીઓ અને વહીવટી તંત્ર દ્વારા ગામની મુલાકાત લઈ ગામમાં પીવાના પાણીની ટાંકી તેમજ પાઈપલાઈન અંગે જરુરી કાર્યવાહી હાથ ધરાય તેવી લોક માંગ ઉઠી છે.

## ચૌધરી સમાજનું ગૌરવ : મોડાસાની દિકરી ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ

અરવલ્લી જિલ્લા માલપુર



તાલુકાસંઘમાં કસ્ટોડીયન સુભાષભાઈની પુત્રી બ્રીજલ ચૌધરીએ બીએડ સેમિસ્ટર-૨માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ગૌરવવંતુ સ્થાન હાંસલ કરવા બદલ કોલેજ કોયડમના મંડળ પ્રમુખ, આચાર્ય તથા સ્ટાફે તેણીને અભિનંદન પાઠવ્યા હતા.

તેણીએ કોલેજ અને ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યું છે. તેણીને ચૌધરી સમાજના અગ્રણીઓએ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.



**મેઘરજમાં ચાલુ વરસાદે પેટીયુ રળતો બાળક**

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં આજે સવારે ૧૦ વાગ્યાના સમયે મેઘરાજાએ ધમાકેદાર પધરામણી કરી હતી. ત્યારે મેઘરજના મુખ્ય માર્ગો પર વરસાદ વધારે હોવાથી થોડી વાર માટે મેઘરજમાં દોડતા વાહનો પણ થંભી ગયા હતા. અને બજારમાં આવેલા લોકો પણ વરસાદથી બચવા દુકાનોમાં ઘુસી ગયા હતા. આ સમયે એક ૧૦ વર્ષનો શ્રમજીવી બાળક ચાલુ વરસાદે સાઈકલ ગાડીમાં ભંગાર ઉઘરાવી પેટીયુ રળતા બાળકને ધોધમાર વરસાદમાં મુખ્યમાર્ગ પરથી પસાર થતા જોઈને લોકો અચંબિત થઈ ગયા હતા. અભ્યાસની ઉંમરે બાળમજૂરી કરતા બાળકને જોઈને મેઘરજના લોકોમાં દયાની લાગણી ઉપજી હતી. (તસવીર : જય અમીન)

# ખેડબ્રહ્મામાં દિવ્યજીવન સંઘ દ્વારા નોટબુકનું વિતરણ

ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી પછાત અને અંતરીયાળ વિસ્તારની પાંચમહુડા પીપોદરા, ચિખલા, ક્લ્લેકા, લક્ષ્મીપુરા સહિતની ૩૦ જેટલી શાળાઓ આવેલી છે. જ્યાં દિવ્યજીવન સંઘ સેવાનંદ આશ્રમશાળા દ્વારા બાળકોને લાલજીભાઈ પટેલ અને રમણલાલ પટેલ દ્વારા નોટબુક અને ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજમાં પરવાના વગર ધમધમતી હોટલો પર તંત્રની મીઠી નજર

### લોકોના સ્વાસ્થ્ય સાથે જાહેરમાં ચેડાં : દફતર ચોપડે માત્ર ૩૫ હોટલોના પરવાના

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ નાની મોટી હોટલોમાંથી માત્ર પ્રાંતિજ પ્રાન્ત કચેરી ચોપડે ૩૫ હોટલો પરવાનાવાળી બાકી કેટલીક નામચીન હોટલો પણ પરવાના વગર કેટલાય સમયથી તંત્રની મીલી ભગત રહેન નજર હેઠળ ચાલે છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકામાં આવેલ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મોટા ભાગની હોટલો પરવાના વગર ધમધમી રહી છે અને હોટલની અંદર ગંદકી અને જિલ્લા કલેક્ટરની સુચના મુજબ રસોડા આગળ મુકવામાં આવેલ નો એન્ટ્રી જેવા બોર્ડ ઉતારવામાં આવ્યા નથી. જ્યારે કેટલાય નામચીન હોટલ માલિકો ખાલી હોટલની આડમાં ગેસ્ટહાઉસો પણ ચલાવે છે અને ગેરકાયદેસર ધંધાઓ પણ ગેસ્ટહાઉસોમાં ચાલતાં હોવાની રાહ ઉઠવા છતાં અને અનેકવાર વિવિધ અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થયાં છતાં તંત્ર માત્ર હપ્તાની લ્હાયમાં ચુપકી સાધીને બેઠુ હોય તેવું લાગી રહ્યું છે. અને ગેસ્ટહાઉસોમાં રોજના દિવસ દરમ્યાન કેટલીય અવરજવર થતી હોય છે અને ગેસ્ટહાઉસ માલિકો દ્વારા રોજના હજારો રૂપિયા કમાઈ લે છે. ત્યારે અહીં પણ જિલ્લા કલેક્ટરના આદેશની જાહેરમાં એસ કી તેસી થતી જોવા મળે છે. જ્યારે તંત્ર માત્ર હપ્તાની લ્હાયમાં ચુપકી સાધીને બેઠું હોય તેવું લાગી રહ્યું છે. હોટલ માલિકો દ્વારા વગર પરવાને ચલાવતા જાણે તંત્રને મુઠીમાં રાખીને ફરતા હોય તેવું જણાઈ આવે છે. ગેસ્ટહાઉસમાં આવનાર વ્યક્તિ પાસેથી પૈસા કમાવાની લ્હાયમાં કોઈપણ જાતની ફોટો આઈડી કે પ્રુફ પુરાવા લેવામાં આવતા નથી અને તેને તાત્કાલિક એન્ટ્રી આપવામાં આવે છે. જ્યારે બીનખેતી એને થયા વગર ખેતીની જમીનમાં પણ બાંધકામ વાળી હોટલો પણ ધમધમી ઉઠી છે. ત્યારે કેટલીક નામચીન હોટલો માલિકો દ્વારા કાયદાની એસી કી તેસી કરી રાત-દિવસ ખુલ્લી રાખે છે ત્યારે હોટલમાં કામ કરતા બહારના વેઈટરો કે બહારના કામે રાખેલ માણસોના સ્ટાફનો પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવા આવતી નથી. અને જાહેરમાં અહીં પણ જાહેરનામાનો ભંગ થતો જોવા મળે છે. નેશનલ હાઈવે આઠ ઉપર આવી કેટલાય સમયથી ચાલે છે પણ પરવાનાથી વંચિત છે તો જ્યારે ખરેખર તપાસ થાય તો કેટલીય ગેર રીતે ચાલતી પ્રવૃત્તિઓ સહિતની હોટલો મળી આવે તો નવાઈ નહિ.

# મોડાસામાંથી અપહરણનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

મોડાસા, તા. ૨૪

મોડાસા શહેરમાં આજે પોલીસે બાતમીના આધારે બળાત્કાર અને



અપહરણનો નાસતો ફરતો આરોપી ઝડપી પાડયો હતો અને શામળાજી પોલીસને સોંપી દીધો હતો જે અંગે શામળાજી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શામળાજી પોલીસ મથકની હદમાં મુળ માલપુરનો વતની લાલો ઉર્ફે મહેશ રમણલાલ તરાર (ઉ.વ.૨૨) સામે અપહરણ અને બળાત્કારનો ગુનો નોંધાયો હતો જેમાં આરોપી છેલ્લા ઘણા સમયથી નાસતો ફરતો હતો જેની બાતમી ગત રોજ અરવલ્લી જિલ્લા એલસીબી ને મળતા ટીમે બાતમી સ્થળે જઈ આરોપીને ઝડપી પાડયો હતો અને તેને શામળાજી પોલીસને હવાલે કર્યો હતો.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં હૂડા મામલે વિપક્ષનો વોકઆઉટ

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જિલ્લા પંચાયતના સભાગૃહમાં શુક્રવારે બપોરે પ્રમુખની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં વિપક્ષના સભ્યોએ હૂડાના વિરોધમાં સભાગૃહમાં અધ્યક્ષ સ્થાનેથી ઠરાવ રજૂ કરવાની માગણી સાથે હૂડા હટાવોના નારા વચ્ચે સભાગૃહનો બહિષ્કાર કર્યો હતો. સભાગૃહમાં પ્રૌત્તારીની શરૂઆતથી વિપક્ષના સભ્યોએ શિક્ષણ, કૃષિ, આઈ.સી.ડી.એસ. સહિતના વિભાગોમાં ભ્રષ્ટાચાર થતો હોવાની આક્રમક રજુઆત કરતા શાસક પક્ષના કેટલાક સભ્યો વચ્ચે ચકમક ઝરી હતી. તો સામાન્ય સભામાં પ્રવેશોત્સવ દરમિયાન પ્રવેશપાત્ર લાભાર્થી વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિતરણ નહિ કરનાર એજન્સી વિરૂધ્ધ કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે શુક્રવારે જિલ્લા પંચાયતના પ્રમુખ શાન્તાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.નાગરાજન સહિત શાસક અને વિપક્ષના સભ્યો તથા અધિકારીઓની ઉપસ્થિતિમાં સામાન્ય સભા મળી હતી. જેમાં પ્રશ્નોત્તારી દરમિયાન જિલ્લા પંચાયત સદસ્ય અને પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, વિરોધપક્ષના નેતા રાજેન્દ્રસિંહ કુંપાવત, લીલાબેન ડાભી, કાન્તીભાઈ પરમારે શિક્ષણ, કૃષિ, આઈ. સી.ડી.એસ. સહિત પ્રશ્નોની આક્રમક રજુઆત કરી હતી.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ૧માં પ્રવેશપાત્ર ૧૮૬૯૬ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ આપવાનો નિર્ણય કરી ખાનગી એજન્સીને કામગીરી સોંપવામાં આવી હતી. પરંતુ પ્રવેશોત્સવ પૂર્ણ થયો હોવા છતાં મોટાભાગની શાળાઓમાં ધોરણ૧માં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિતરણ કરાયુ નથી. જે અંગે ખાનગી એજન્સી વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટેની શાસક પક્ષના સભ્ય વનરાજસિંહ પરમાર સહિતના સભ્યોએ માગણી કરતા સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારી એમ.નાગરાજને તપાસની ખાતરી આપી હતી. જેને શિક્ષણ સમિતિના ચેરમેન રાજુભાઈ પંચાલે પણ સહમતી દર્શાવી હતી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રકાશ ત્રિવેદીને જરૂરી સુચના આપી હતી.

સામાન્ય સભામાં પ્રૌત્તારી દરમિયાન પ્રાંતિજના ધારાસભ્ય અને જિલ્લા પંચાયત સદસ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ હિંમતનગર સહિત ૧૧ ગ્રામ પંચાયતોને સ્પર્શતા હૂડાના પ્રૅ અંગે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અધ્યક્ષ સ્થાનેથી સર્વાનુમતે ઠરાવ પસાર કરવાની માગણી કરી હતી. જેનો શાસક સભ્યોએ વિરોધ કર્યો હતો. હૂડા હટાવોના નારા લગાવી આક્રમક બનેલા વિરોધ પક્ષના સભ્યોએ સામાન્ય સભાનો બહિષ્કાર કર્યો હતો.

# મોડાસાના બાયલ-ઢાંખરોલ નજીક હીટ એન્ડ રન કેસમાં રાહદારીનું મોત : વાહનચાલક ફરાર

મોડાસા, તા. ૨૬

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યના મોટા શહેરોમાં હીટ એન્ડ રનના કેસોમાં નિર્દોષ વ્યક્તિઓના મૃત્યુ નિપજવાની ઘટનાઓમાં વધારો જોવા મળે છે. ગઈકાલે સાંજે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઢાંખરોલ ગામના રાહદારીને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં હીટ એન્ડ રન કેસની ઘટના સર્જાઈ હતી. જેમાં રાહદારીનું મોત નિપજાવી અજાણ્યો વાહનચાલક ફરાર થઈ ગયો હતો.

મોડાસા તાલુકાના બાયલ-ઢાંખરોલ ગામ નજીક હીટ એન્ડ રનની ઘટના બની હતી. ઢાંખરોલ ગામના દિપકભાઈ લક્ષ્મણભાઈ પરમાર (ઉં.વ.૪૨) નામના રાહદારી ગામની સીમમાં આવેલા પોતાના ખેતરના કામકાજ અર્થે જઈ રહ્યા હતા ત્યારે રાત્રે ૮.૩૦ કલાકે ઢાંખરોલ ગામની સીમમાંથી રોડ પર પસાર થતાં કોઈ અજાણ્યા વાહનચાલકે દિપકભાઈને ટક્કર મારી દેતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જે અંગેની જાણ મહેશકુમાર કેશાભાઈ પરમારે (રહે. ઢાંખરોલ) મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને કરતાં મોડાસા રૂરલ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બાયલ-ઢાંખરોલ ગામમાં ઢાંખરોલના વ્યક્તિનું હીટ એન્ડ રન કેસમાં મોત નિપજતાં ગ્રામજનોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

# વિરાટનગરમાં બંધ મકાનમાં ચોરી કરવા આવેલો શખ્સ પકડાયો

હિંમતનગરના બેરણા રોડ પર આવેલ વિરાટનગરના એક બંધ મકાનમાં શુક્રવારે ભર બપોરે ચોરી કરવા આવેલા અજાણ્યા શખ્સને પડોશી મહિલા જોઈ જતા તેણીએ બૂમાબૂમ કરતા અન્ય લોકોએ આવી આ અજાણ્યા શખ્સને ઝડપી લીધો હતો. મહિલાની સમય સુચકતાને લઈને બંધ મકાનમાં થનારી ચોરી અટકી ગઈ હતી. ભરબપોરે વિરાટનગરમાં આવેલ બી૧૧૯ નંબરનું મકાન ધરાવતા રૂપસિંહ બાપુસિંહ રાઠોડ રહેતા ન હોવાથી બંધ હતું. દરમિયાન અજાણ્યા શખ્સે આવીને દરવાજાનું તાળુ તોડી નકુચો તોડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. બીજી તરફ બાજુમાં આવેલ બી૧૧૮ માં રહેતા અલકાબેન સુરેશભાઈ રાવલ જોઈ ગયા હતા. જેથી તેણીએ દોડી આવી અજાણ્યા શખ્સને અટકાવવાનો પ્રયાસ કરતા આ શખ્સે અલકાબેનના હાથ ઉપર લોખંડની પાઈપ ફટકારી હતી. છતાં અલકાબેને હિંમત રાખી બૂમાબૂમ કરી હતી. જેથી તરત જ આસપાસમાં રહેતા લોકોએ દોડી આવી ચોરી કરવા આવેલા શખ્સને રંગેહાથ ઝડપી લીધો હતો.

# મોડાસાની ડી.એલ.એડ. કોલેજમાં ગિજુભાઈ બધેકાની પુણ્યતિથિ ઉજવાઈ

મોડાસા, તા. ૨૫

મોડાસા મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલીત મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. પીટીસી કોલેજમાં આચાર્ય ડૉ. સંતોષ દેવકરના માર્ગદર્શન હેઠળ ગિજુભાઈ બધેકા (મુછાળી મા)ની ૭૭ પુણ્યતિથિ નિમિત્તે તાલીમાર્થીઓને ગિજુભાઈના જીવનચરિત્ર વિશે સમજણ આપવામાં આવી હતી તથા પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

કેળવણીકાર ગિજુભાઈ ગુજરાતનો શિક્ષણક્ષેત્રનો ઝળહળતો સિતારો છે, આજે શિક્ષણની જે દશા થઈ છે તેનું સોલ્યુશન ગિજુભાઈના પુસ્તકોમાંથી મળી શકે છે. ગુજરાતના પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવામાં ગિજુભાઈના વિચારો અને તેમની પ્રવૃત્તિઓ મોટો ભાગ ભજવી શકે તેમ છે.

આ સમગ્ર કાર્યક્રમની સફળતા માટે આચાર્ય ડૉ. સંતોષ દેવકર અને પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી શ્રી સુભાષભાઈ શાહે પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦